# સાઇ ગાંધીનગરના ૧૧ પેરા સ્વિમર્સે ૩૮ મેડલ્સ જીત્યાં

## નેશનલ પેરા સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ૨૬ ગોલ્ડ અને ૧૦ સિલ્વર મેડલ્સ : ખેલાડીઓ પરત ફરતાં સ્વાગત

ગાંધીનગર, તા. ૧૫

આસામના ગુવાહાટી ખાતે તાજેતરમાં યોજાયેલી ૨૨મી નેશનલ પેરા સ્વિમિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૨માં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ૧૧ પેરા સ્વિમર્સે તરખાટ મચાવી દેતાં ૨૬ સુવર્ણચંદ્રક સાથે કુલ ૩૮ મેડલ્સ જીત્યાં છે. ગઈકાલે સાંજે આ ટીમ ગુજરાત પરત ફરી હતી જ્યાં અમદાવાદના એરપોર્ટ પર સાઈના અધિકારીઓ દ્વારા તેમનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેતાજી સુભાષ સેન્ટર ઓફ એક્સેલન્સના ૧૧ પેરા-તરવૈયાઓએ ગુવાહાટી ખાતે યોજાયેલી ૨૨મી નેશનલ પેરા સ્વિમિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૨માં ભાગ લીધો હતો. ગાંધીનગરના આ રમતવીરોએ યશસ્વી પ્રદર્શન કરતાં ૨૬ ગોલ્ડ મેડલ્સ, ૧૦ સિલ્વર મેડલ્સ અને ૨ બ્રોન્ઝ મેડલ જીતીને ગુજરાતનુ નામ ઝળકાવ્યું હતું. મેડલ્સ વિજેતા ખેલાડીઓમાં અબીઝર ડોડિયાએ ૧૦૦મી. ફ્રી સ્ટાઈલ, ૫૦મી. બેક સ્ટ્રોક અને ૫૦મી.ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં મળીને કુલ ૩ ગોલ્ડ મેડલ જીત્યાં હતા જ્યારે શમ્સ આલમે ૨ ગોલ્ડ મેડલ અને એક બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.



# આજે સૂર્ય વૃશ્ચિક રાશિમાં પ્રવેશ કરશે

## સ્વાસ્થ્ય, અર્થવ્યવસ્થા અને રાજકીયક્ષેત્ર પર શું પડશે પ્રભાવ

ગાંધીનગર, તા. ૧૫

સૂર્ય ગ્રહોનો રાજા છે. સૂર્યની અસર સમગ્ર પૃથ્વી પર પડે છે. સૂર્ય જ સર્વેને ઉર્જા પૂરી પાડે છે. સૂર્ય દર માસે ખૂબ જ અસરકારક હોય છે. સૂર્ય નવ ગ્રહોનો રાજા છે. એટલે સૂર્યના પરિવર્તનની અસર દરેક જાતકના જીવન પર થાય છે. અગત્યના ક્ષેત્રો ઉપર પણ થાય છે. સિદ્ધાંતો, પ્રશાસન, ન્યાય વગેરે ક્ષેત્રો પર પણ અસર-પરિવર્તન જોઈ શકાય છે.

વૃશ્ચિક રાશિમાં ગોચર પરિવર્તન આ માસમાં દેશ-દુનિયા પર વિશેષ અસર કરશે.

મિત્ર રાસિ વૃશ્ચિકમાં ગોચર આર્થિક અને કેરિયરના ક્ષેત્રમાં શુભત્વ લાવશે. સૂર્યની મજબૂત સ્થિતિ વિના જાતકને નોકરી વ્યવસાય કેરિયર વગેરેમાં સિદ્ધિ પ્રાપ્ત થવી મુશ્કેલ છે.

સૂર્ય દેવનું વૃશ્ચિક રાશિમાં ગોચર ભ્રમણ ૧૬ નવેમ્બર-૨૦૨૨ સાંજે ૬.૫૮ મિનિટે થશે જે એક માસ રહેશે.

વૃશ્ચિક રાશિનો સંયોગ મંગળ ગ્રહ છે. સૂર્ય અને મંગળ મિત્ર ગ્રહ છે. તેમજ બુધ અને શુક્રની યુતિ થતી હોવાથી આ પરિવર્તન ખૂબ જ અસરકારક રહેશે અને શુભ અવસર લઈને આવશે. જેની કુંડળીમાં સૂર્યના સ્થિતિ મજબૂત હોય છે તેવી વ્યક્તિ કિંગ મેકર બને છે. સકારાત્મક પરિણામ જોવાં હોય તો વૃશ્ચિક રાશિના જાતકોને કેરિયર અને વ્યવસાયના ક્ષેત્રમાં ઘણાં નવા અવસર પ્રાપ્ત કરાવશે. જો કે આ જાતકોના ખર્ચમાં વધારો જરૂર થાય.

ભારત અને વિશ્વ પર સૂર્યનો ગોચર પ્રભાવ જોવા મળે. આ ભ્રમણ દરમ્યાન કૃષિ, દૂર સંચાર વગેરે ક્ષેત્રમાં વૃદ્ધિ જોવા મળે.

પડોશી દેશ સાથે સંબંધ થોડા કમજોર થશે. કારોબારમાં ઉતાર-ચઢાવ આવે. નૌસેના, સૈન્ય વગેરે ક્ષેત્રમાં ફેરફાર થાય. આ ગોચર બ્રિટન, અમેરિકા અને ચીન જેવા દેશો પર પ્રતિકૂળ પ્રભાવ પાડશે. સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા વધે.

ખાસ કરીને ગોચરનો પ્રભાવ દેશની આર્થિક સ્થિતિને અસર કરશે. જેમાં વિશ્વસ્તર પર વ્યવસાય અને વહેવારમાં સારો મોકો આપશે.

દેશના રાજકારણમાં ખાસ પ્રકારની અસર આપશે. ભારતનું વૃષભ લગ્ન હોઈ સામેના વૃત્તિ ભાવમાં ગોચર થશે. જેથી પક્ષ-પ્રતિ પક્ષના વિવાદો ચરમસીમાએ પહોંચશે. આક્ષેપ-પ્રતિ આક્ષેપની ઝડી વરસશે જેની અસર ગુજરાતના રાજકારણમાં ખાસ જોવા મળશે. જંગના મંડાણ થશે. સત્તાપક્ષ માટે પ્રતિપક્ષો વધારે આક્રમક રૂપ ધારણ કરશે. સત્તા માટે આ સમય રમતના આટાપાટા રમાડશે. સત્તા માટે સમાધાન કરી કોઈ પણ માર્ગે જતા કોઈ અચકાશે નહિ. સત્તા પક્ષની સરકાર સિંહ રાશિના ગોચર ભ્રમણ દરમ્યાનના સમયે સત્તા ગ્રહણ કરેલ હોઈ તે સમય જેવો સરળ રીતે લાભ પ્રાપ્ત ન થતાં આ વખતે તલવારની ધાર પર ચાલવું પડે. સત્તાવિગ્રહ ચરમશીમાએ હશે. કઠિન સમયમાં નાવ કિનારે જશે.


આ માસ દરમ્યાન દેશ અને રાજ્યો માટે આર્થિક લાભ ઉન્નતિ અને વિકાસના માર્ગો સરળ બને. ભારત માટે વિશ્વસ્તરે વ્યાપાર, વ્યવસાયને આર્થિક માણખે નવા સંબંધ સ્થાપિત થાય અને નવા અવસરનો સૂયોગ બને. અર્થવ્યવસ્થા સુધરશે.

આ ગોચર સમય દરમ્યાન જોવા જઈએ તો મેષ કર્ક અને વૃશ્ચિક રાશિવાળા જાતકો પર ખાસ પ્રભાવ પડશે. તેઓના વ્યાપારમાં વ્યવસાયમાં વૃદ્ધિ અને નોકરીયાત વર્ગો માટે નવા અવસર પ્રાપ્ત થશે. જો કે આ રાશિના જાતકોએ સ્વાસ્થ્ય માટે ખાસ કાળજી લેવાની રહેશે. વધુમાં તેઓ નવા કાર્યોનો શુભારંભ કરી શકે છે.

# આઈઆઈટી ગાંધીનગરના ૧૬ જેટલા પીએચડી વિદ્વાનોને પ્રાઈમ મિનિસ્ટર્સ રિસર્ચ ફેલોશિપ

ગાંધીનગર, તા.૧૫

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી ગાંધીનગરના ૧૬ જેટલા પીએચડી વિદ્વાનોને વર્ષ ૨૦૨૨માં પ્રાઈમ મિનિસ્ટર્સ રિસર્ચ ફેલોશિપ એનાયત કરવામાં આવ્યા છે. આઈઆઈટી ગાંધીનગર પાસે હવે કુલ ૪૭ પીએમઆરએફ ફેલો છે.




આઈઆઈટી ગાંધીનગર વર્ષ ૨૦૧૮-૧૯માં શરૂ કરાયેલ, પીએમઆરએફ યોજના દેશની સૌથી પ્રતિષ્ઠિત સંશોધન ફેલોશિપ પૈકીની એક છે.

પીએમઆરએફ ઉમેદવારોની પસંદગી રાષ્ટ્રીય સ્તરે સખત પસંદગી પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે. ફરજિયાત ગેટ અને ૮ અથવા સમકક્ષના ન્યૂનતમ સીજીપીએ સાથે ડિગ્રીની આવશ્યકતાઓ ઉપરાંત, ઉમેદવારોને સંશોધન એક્સપોઝર, પ્રકાશનો, આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પ્રદર્શન જેમ કે ગણિત ઓલિમ્પિયાડ, એસીએમ આઈસીપીસી પ્રોગ્રામિંગ હરીફાઈ, ગ્રેડ અને ભલામણ પત્રોના મેટ્રિક્સના આધારે નક્કી કરવામાં આવે છે. પસંદગી મજબૂત સંશોધન દરખાસ્તની પણ માંગ કરે છે, અને પ્રતિષ્ઠિત જર્નલ્સ તેમજ કોન્ફરન્સમાં પ્રકાશનોને પણ યોગ્ય મહત્વ આપવામાં આવે છે.

# પરમ પૂજ્ય દાજી - કમકેશ ડી. પટેલ કડી સર્વ વિશ્વવિદ્યાલયની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડન્ટ વલ્લભભાઈ એમ. પટેલના ભાવપૂર્ણ આમંત્રણને માન આપી તા. ૧૮-૧૦-૨૨ના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિવર્સિટી ખાતે પધારેલ રામચંદ્ર મિશનના અધ્યક્ષ તથા વિશ્વપ્રસિદ્ધ હાર્ટફૂલનેસ ઓર્ગેનાઈઝેશના ગ્લોબલ ગાઈડ કમલેશ ડી. પટેલ (પૂજ્ય દાજી)નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન કડી સર્વ વિશ્વવિદ્યાલયના સભ્ય વિઠ્ઠલભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ તથા વિવિધ કોલેજના પ્રિન્સિપાલ અને પ્રોફેસર સહીત ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય દાજી દ્વારા વિદ્યાર્થીઓને ધ્યાનનું મહત્વ સમજાવતા જીવનલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કડી યુનિવર્સિટીના ફાર્મસી, ફિઝિયોથેરાપી તથા નર્સિંગ કોલેજના ૮૪ જેટલા વિદ્યાર્થીઓ પર ‘દૈનિક જીવનના નૈતિક, આધ્યાત્મિક તથા શૈક્ષણિક પાસાઓ પર હાર્ટફૂલનેસ ધ્યાન પદ્ધતિની અસર’ જેવા અદ્‌ભૂત વિષય ઉપર એક અનોખુ રિસર્ચ કરવામાં આવ્યું હતું. પૂજ્ય દાજીએ વિદ્યાર્થીઓને હાર્ટફૂલનેસ ધ્યાન પદ્ધતિનો અનુભવ કરાવ્યો હતો. વિદ્યાર્થિઓને માર્ગદર્શન આપતા પૂજ્ય દાજીએ જણાવ્યું હતું કે હૃદયની કેળવણી વિના શિક્ષણના કેળવણી શક્ય નથી, આધ્યાત્મિક વિકાસયાત્રામાં તમારૂ હૃદય એ જ તમારી પ્રયોગ શાળા છે, તમે જ પ્રયોગ કર્તા અને પરિણામ પણ તમે પોતે જ છો. યોગ્ય શિક્ષણ થકી ચારિત્ર્ય ઘડતર અને ચારિત્ર્ય ઘડતરથી સમાજ સેવા જેવા મૂલ્યો વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.પૂજ્ય દાજીના ઘણાં વર્ષોના આધ્યાત્મિક અને દૈવી અનુભવોના આધારે લખાયેલ ‘પુસ્તક “THE WISDOM BRIDGE” નું વિતરણ તેમના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

# કાયરોકપ્રેકટર કેમ્પમાં ૨ હજારથી વધુ લાભાર્થીઓએ સારવાર લીધી

## સે.૧૨માં ફિઝિયોથેરાપી કોલેજ ખાતે આયોજિત ત્રિ-દિવસીય કાયરોપ્રેક્ટર કેમ્પ સંપન્ન



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર ખાતેની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સેક્ટર ૧૨ સિવિલ કેમ્પસ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી કોલેજમાં ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રીલેશન તથા અમેરિકાના વેસ્ટ સાન ફ્રાન્સિસ્કોની લાઈફ કાયરોપ્રેકટીક કોલેજ વેસ્ટ યુએસએના સંયુક્ત ઉપક્રમે આયોજિત ત્રિદિવસીય કાયરોપ્રેકટીક સારવાર કેમ્પનું આજે સમાપન થયું હતું. આ સારવાર કેમ્પમાં ગરદનનો દુખાવો, પીઠનો દુખાવો, કમરનો દુખાવો, હાથ કે પગમાં ઝણઝણાટી આવવી વગેરે જેવી તકલીફ ધરાવતા ૨ હજારથી વધુ નાગરિકોઓએ આ નવીનત્તમ સારવાર પદ્ધતિનો લાભ લીધો હતો.

સારવાર અર્થે અમેકિતા સ્થિત એલસીસીડબલ્યુ કાયરોપ્રેક્ટર કોલેજના ૧૬ નિષ્ણાંત ડોક્ટર ઉપસ્થિત રહીને ગાંધીનગર તથા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. કેમ્પના છેલ્લા દિવસે ચેરમેન સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ દ્વારા લાઈફ કાયરોપ્રેકટીક કોલેજના પ્રેસિડેન્ટ ડૉ.રોન ઓબરસ્ટાઈન સહિત તેમની ટીમને સંસ્થા તરફથી સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી આભાર પ્રગટ કર્યો હતો.

### ચૂંટણીમાં ભાજપની બહુમતીનો વિશ્વાસ

# ચૂંટણી બાદ સરકારનું સુકાન ભુપેન્દ્ર પટેલ જ સંભાળશે: અમિત શાહ

## પાર્ટીની નજર નરેન્દ્ર મોદી અને શાહના ગૃહ રાજ્યમાં સતત સાતમી વખત સત્તા હાંસલ કરવા પર

અમદાવાદ, તા.૧૫

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે જણાવ્યું હતુ કે, જો પાર્ટી આગામી મહિનામાં થનારી વિધાનસભાની ચૂંટણીમાં બહુમતી હાંસલ કરશે તો ભૂપેન્દ્ર પટેલ જ રાજ્યના મુખ્યમંત્રી બની રહેશે. શાહના આ નિવેદનથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે, પટેલ ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર છે અને પાર્ટીની નજર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શાહના ગૃહ રાજ્યમાં સતત સાતમી વખત સત્તા હાંસલ કરવા પર છે. શાહે જણાવ્યું કે, જો ગુજરાતમાં ભાજપને બહુમત મળશે તો ભૂપેન્દ્ર પટેલ જ આગામી મુખ્યમંત્રી હશે. પટેલે સપ્ટેમ્બર ૨૦૨૧માં વિજય રૂપાણીના સ્થાને મુખ્યમંત્રી પદ સંભાળ્યુ હતું. તે ભાજપના નેતૃત્વનો એક એવો નિર્ણય હતો જેણે અનેક લોકોને ચોંકાવી દીધા હતા. પટેલ પહેલીવાર ઘાટલોડિયા



મતવિસ્તારમાંથી ધારાસભ્ય બન્યા હતા. તેમને એ જ બેઠક પરથી ફરીથી ઉમેદવારી બનાવવામાં આવ્યા છે. અગાઉ અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની આમ આદમી પાર્ટીએ ’જાહેર સર્વે’ હાથ ધર્યા બાદ પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીને તેના મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કર્યા હતા. કોંગ્રેસે ચૂંટણી માટે મુખ્યમંત્રી પદના ઉમેદવારની જાહેરાત ન કરવાનો નિર્ણય લીધો છે. ગુજરાતની કુલ ૧૮૨ બેઠકો માટે બે તબક્કામાં ૧ અને ૫ ડિસેમ્બરે મતદાન થશે. ૮મી ડિસેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

# ઉમેદવારોનો વિધાનસભા સુધી પહોંચવા મતદારો પાછળ કરોડોનો ધૂમાડો

## ચૂંટણીપંચ દ્વારા જે લિમિટ નક્કી કરવામાં આવે છે તેની સામે નેતાઓ દ્વારા જે ખર્ચા કરવામાં આવે છે તે ઘણાં વધુ હોય છે પરંતુ તે જે રીતે ખર્ચ કરે છે તેના કારણે તેમના પર કોઈ આંચ આવતી નથી

ચૂંટણી પહેલા નેતાઓ મતદાતાઓને રિઝવવા માટે તેમની પાછળ જે ખર્ચ કરે છે એટલો ખર્ચ ચૂંટણી પછી તેમની પાછળ કેમ કરવામાં આવતો નથી? આવો સવાલ સૌ કોઈને ચૂંટણી પ્રચાર દરમિયાન કરવામાં આવતા ખર્ચને જોઈને થતો હોય છે. જોકે, આ જ દિન સુધી કોઈ ઉમેદવાર સામે નિશ્ચિત ખર્ચ કરતા વધુ રૂપિયા મતદારો પાછળ વાપર્યા હોય અને કાર્યવાહી કરવામાં આવી હોય તેવો કિસ્સો સાંભળવા મળ્યો ના હોવાનું પણ સામે આવી રહ્યું છે. ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવેલા ખર્ચ કરતા ૧૦૦૦% વધુ ખર્ચ કરવામાં આવ્યો હોવાના આંકડા રિસર્ચમાં સામે આવ્યા છે. વર્ષ ૨૦૧૭ની ગુજરાતની ચૂંટણીમાં કરવામાં આવેલા રિસર્ચના આંકડા જણાવે છે કે એક ઉમેદવાર પાછળ ચૂંટણીપંચ દ્વારા લગભગ દરેક મતદાર પાછળ ૪૫ રૂપિયાનો ખર્ચ કરવાની સીમા બાંધી હતી જેની સામે ૪૫૯ રૂપિયા દરેક મતદાર પાછલ ખર્ચ કરાયા છે. વર્ષ ૨૦૧૭માં થયેલી ચૂંટણીના પ્રચાર માટે ચૂંટણીપંચે નિર્ધારિત કરેલા ૨૮ લાખ રૂપિયાની કુલ સીમાનો ઉપયોગ કરીને આંકડા કાઢવામાં આવ્યા છે. આમ આ પ્રકારનું ચૂંટણી ખર્ચ પર થયેલું આ પહેલું રિસર્ચ હતું, જેમાં ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સિસ, મુંબઈના સંશોધકો પણ જોડાયા હતા. આ સિવાય બે અમેરિકાની સંસ્થાઓ- ટેમ્પલ યુનિવર્સિટી અને વન્ડરબિલ્ટ યુનિવર્સિટી જોડાયા હતા. સંશોધકોએ અમદાવાદ અને ખેડામાં ચૂંટણી પાછળ ઉમેદવારો દ્વારા કરાયેલા ખર્ચનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ સંશોધનમાં નવેમ્બર ૨૦૧૭થી માર્ચ ૨૦૧૮ દરમિયાન થયેલા ખર્ચનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. સંશોધકોએ નોંધ્યું કે અમદાવાદમાં કોંગ્રેસના ઉમેદવારે સત્તાવાર રીતે જણાવ્યું કે તેમણે ૧૩.૪ લાખનો ખર્ચ કર્યો છે, જ્યારે ભાજપના ઉમેદવારે જણાવ્યું કે તેમણે ૧૦.૫ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે, જ્યારે અપક્ષ ઉમેદવારે ૨.૭ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. જ્યારે કપડવંજમાં કોંગ્રેસના ઉમેદવારે ૯.૭ લાખ અને ભાજપના ઉમેદવારે ૧૧.૮ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. જીજીના સંશોધક અશ્વાની કુમાર, ટેમ્પલ યુનિવર્સિટીના સૌરદીપ બેનર્જી અને વંડરબિલ્ટ યુનિવર્સિટીના શાસ્વત ધારે એ ખર્ચનું સરવૈયું કર્યું કે જે અમદાવાદ અને કપડવંજની બે મુખ્ય પાર્ટીઓના ઉમેદવારો દ્વારા મતદાનના ૧૪ દિવસ પહેલા કર્યો હતો. અભ્યાસમાં સામે આવ્યું કે મોટાભાગે ઉમેદવારોએ સભા અને રેલીઓના આયોજન પાછલ ૧૬ લાખથી ૨૮ લાખ રૂપિયા ખર્ચ કર્યો, સ્ટાર કેમ્પેઈનર પાછળ ૧૫થી ૩૦ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો, પથી ૧૦ લાખ રૂપિયાનો ખર્ચ પાર્ટીના કાર્યકર્તાઓના જમણવાર પાછલ કર્યો હતો.

# લગ્નની મોસમમાં ફૂલના ભાવમાં ધરખમ વધારો

## લગ્નમાં મંડપ સહિતની સજાવટ માટે ફુલોની આવશ્કતા રહેતી હોય છે

લગ્નની મોસમ પુર બહારમાં ખીલી ઉઠી છે. ઠેર ઠેર શરણાઈના શૂર સાથે ઢોલ ધબુકી રહયા છે. અને લોકો બજારમાં ખરીદી કરી રહયા છે. ત્યારે લગ્નમાં મંડપ સહિતની સજાવટ માટે ફુલોની આવશ્કતા રહેતી હોય છે. આથી તેની ખરીદી પણ મંડપ ડેકોરેશન વાળા કરતા હોય છે. જેને લઈ ફુલોની માંગ જોવા મળી રહી છે. મહેસાણા શહેરના બજારમાં હાલ ફુલોની આવક ઓછી આવતી હોવાથી તેમજ તેની માંગમાં વધારાને લઈ જબરજસ્ત ભાવ વધારો જોવા મળી રહયો છે.

બજારમાં બેન્ડવાજા, વાસણ, કાપડ, તેમજ રેડીમેન્ડ કાપડની ખરીદી સાથે અન્ય જરૂરીયાત વસ્તુઓની ખરીદી કરતા લોકો નજરે પડી રહયા છે. ત્યારે લગ્નના આયોજનમાં મંડપ ડેકોરેશન સહિતની કામગીરી કરવામાં આવતી હોય છે. જેમાં ખાસ કરીને લગ્નમાં લગ્નની ચોરી તેમજ મંડપ ગેટ સહિત સુશોભીત કરવા માટે ફુલોની માંગ જોવા મ?ળતાં ફૂલોની બોલબાલા વધી છે.

હાલમાં લગ્નની સિઝનને લઈને શહેરના બજારમાં ફુલોની ખરીદીમાં વધારો નોંધાયો છે. પહેલા ફુલોના ભાવમાં હજારીગલ (ગલગોટા) એક કિલોનો ભાવ ૩૦ રૂપિયા હતો તે વધીને ૬૦ રૂપિયા થયો છે. તેમજ ગુલાબનો ભાવ એક કિલોનો ૮૦ રૂપિયા હતો તે વધીને ૧૫૦ રૂપિયા થયો છે. આ ઉપરાંત ફુલોના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળી રહયો છે. તેની સામે લગ્નની સિઝનન હોય તેની માંગ જોવા મળી રહી છે. આમ ફુલબજારમાં ફુલોની માંગ વધતાં વિવિધ ફૂલોના ભાવોમાં તેજીનો માહોલ સાથે ભાવવધારો જોવા મળી રહ્યો છે.





લગ્નસરા માં નવા નવા ટ્રેન્ડ મુજબ ફૂલોથી સજાવટ કરવામાં આવે છે.જેમાં ગલગોટા અને ગુલાબ ની માંગ વધારે રહે છે ત્યાર પછી અવનવા રંગીન ફૂલો પણ સજાવટ માં ઉપયોગ માં લેવાય છે. જો કે હવે તો ફૂલો નો હાર પણ મોંઘો થઈ ગયો છે. જેની જરૂર લગ્નમાં અવશ્ય રહેતી જ હોય છે ત્યારે વધતી જતી મોંઘવારી ના કારણે ડગલે ને પગલે દરેક ચીજવસ્તુ ના ભાવ વધવા લાગ્યા છે તેથી લગ્નો કરવા પણ મોંઘાં થયા છે.ક્યાંક સાદાઈ થી લગ્ન થતાં હોય છે તો ક્યાંક અઢલક ખર્ચો કરીને લગ્ન કરવામાં આવે છે.જેનું બજેટ ખૂબ ઊંચું જાય છે.

દુલ્હા દુલ્હન ને ચોરી માં લાવવા માટે ફૂલો થી સજાવેલી બ્રાઈડ એન્ટ્રી કરવામાં આવે છે જ્યાં જોઈએ ત્યાં ફૂલો નું લગ્ન માં મહત્વ વધી જાય છે જાન લઈને આવતી ગાડીઓ ને પણ ફૂલોથી સજાવટ કરીને સુંદર બનાવી દેવાય છે.લગ્ન ની ચોરી માં ચારેય તરફ ફૂલો જ ફૂલો જોવા મળે છે આમ ફૂલો વગર લગ્ન પ્રસંગ પણ ફિકા પડી જાય છે.તેથી હાલ માં ફૂલો ઓન ડિમાન્ડ છે આ વર્ષે કોરોના મહામારી બાદ લોકો ઉત્સાહ પૂર્વક લગ્નો માણી રહ્યા છે ત્યારે મોંઘવારી ઓછી થવાનું નામ નથી લઈ રહી.